## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, મારી વાઈફ ગુરુજીનાં બદલે તમારી પાસે સંયમ કેમ રાખવો તે શીખવા મોકલેલ છે... તમે આટલો બધો દારૂ પકડો છતાં, પીધા વગર કેમ રહી શકો છો ??**

# શ્રમિક એરીયામાં ટીબીના ટેસ્ટ કરાશે

## ટીબીના ટેસ્ટ માટે મોબાઈલ વાન દશ દિવસ સુધી જિલ્લાના વિવિધ વિસ્તારમાં ફરશે

ટીબી મુકત ભારત માટે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ સરકારી યોજનાઓ અમલમાં લાવવામાં આવી છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ક્ષય રોગના દર્દીઓ શોધવા માટે ખાસ પ્રકારની મોબાઈલ વાન તૈયાર કરાઈ છે. આ મોબાઈલ વાનમાં ટીબીના ટેસ્ટનું અધ્યતન મશીન મુકવામાં આવ્યું છે. જેને પગલે શહેરના વિવિધ વિસ્તારો અને ગામડાઓમાં ફરીને શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટ કરી શકાશે. ગાંધીનગર જિલ્લામાં આગામી તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૯ સુધી મોબાઈલ વાન હાઈ રીસ્ક વિસ્તારમાં ફરશે. જયાં સ્થાનિક આરોગ્ય કેન્દ્રના કર્મીઓ દ્વારા શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવશે. આ મોબાઈલ વાનમાં ટીબીના ટેસ્ટ માટેનું લાખો રૂપીયાનુ મશીન ફીટ કરાયું છે. એટલુ જ નહી દર્દીનો રીપોર્ટ પોઝીટીવ આવશે તો સ્થાનિક તબિબો દ્વારા તેનું કાઉન્સેલીંગ તેમજ જરુરી સારવાર તાત્કાલીક અસરથી શરુ કરી દેવામાં આવશે. ગાંધીનગર શહેરના ઈન્દ્રોડા, બોરીજ, ગોકુળપુરા, ધોળાકુવા, સે-૨૪, સે-૧૩, ચરેડી વિસ્તાર, જીઈબીના છાપરા, વિસ્તારમાં ફરીને ત્યાંના શંકાસ્પદ દર્દીઓને ચેક કરવામાં આવશે. ગાંધીનગરના શહેરી વિસ્તારમાં ત્રણ દિવસ બાદ આ મોબાઈલ માણસા તાલુકામાં જશે. જયાં સમૌ, દેલવાડ અને મહુડી ગામમાં ફરશે. કલોલના સાતેજ જીઆઈડીસી અને છાપરા વિસ્તારમાં તેમજ દહેગામ શહેરી વિસ્તાર અને બહીયલ ગામમાં આ મોબાઈલ વાન મારફતે ટીબીનું પરિક્ષણ કરવામાં આવશે.

# શિહોલી ગામમાં તળાવ પાસે ખુલ્લેઆમ જુગાર રમી રહેલા સાત શકુનિઓ ઝડપાયા

## એલસીબીની ટીમે દરોડો પાડીને ૫૯ હજારના મુદ્દામાલ સાથે સાતેય જુગારીઓની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલસીબીની ટીમ ચિલોડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે ચિલોડા પાસે આવેલા શિહોલી મોટી ગામમાં તળાવ પાસે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડીને ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા સાત શકુનીઓની ધરપકડ કરી લીધી હતી. એલસીબીની ટીમે ૫૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામ સાત આરોપીઓની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલ તથા તરલ ભટ્ટની ટીમો જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા સક્રિય છે ત્યારે એલસીબીના એ.એસ.આઈ હજારીસિંહ, હેડ કોન્સ્ટેબલ હરિભાઈ, અમૃતભાઈ, ભવાનસિંહ તથા કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ સહિતની ટીમ ચિલોડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે શિહોલી મોટી ગામમાં મગતર તળાવ પાસે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ તાત્કાલિક શિહોલી મોટી ગામના તળાવ પાસે પહોંચી ગઈ હતી અને દરોડો પાડીને તળાવ પાસે જુગાર રમી રહેલા સાત શકુનીઓને રંગેહાથ જુગાર રમતા પકડી પાડ્યા હતા. એલસીબીની ટીમે શિહોલી મોટી ગામમાં રહેતા અનિલ અનદરજી ઠાકોર, કનુ આતાજી ઠાકોર, મનુ ગાભાજી ઠાકોર, ભરત ચંદુજી ઠાકોર, સાગર રાવજી ઠાકોર, વિક્રમ પ્રવિણ ઠાકોર અને પ્રકાશ મેલાજી ઠાકોર મળીને સાત શકુનીઓને જુગાર રમતા પકડી પાડી તેમની પાસેથી રોકડ રૂપિયા ૩૭૭૦ તથા ત્રણ વાહનો મળી કુલ રૂ.૫૮,૭૭૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. એલસીબીએ તમામ જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમનો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.




# ગાંધીનગરાઓ થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા રાજસ્થાનની વાટે

ગાંધીનગર, તા. ૨૯

૩૧ ડિસેમ્બરને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. વર્ષ ૨૦૧૮ને પૂર્ણ થવામાં અને નવા વર્ષને પ્રારંભ થવામાં સામાન્ય કલાકો બાકી રહ્યા છે. ત્યારે હવે ૩૧ મી ડિસેમ્બરની ઉજવણી કરવા માટે જિલ્લાનો યુવાધને રાજસ્થાનની વાટ પકડી છે. યુવાનોમાં નવા વર્ષને આવકારવા માટે અને વર્ષ ૨૦૧૮ ને બાય બાય કહેવા માટે યુવાવર્ગ થનગની રહ્યો છે. ૩૧મી ડિસેમ્બરને લઈ યુવાનોનો ઉત્સાહ અને ઉમંગ સમાતો નથી. ત્યારે રાજસ્થાનની સરહદે આવેલી હોટલ, રેસ્ટોરન્ટ અને રિસોર્ટ અગાઉથી હાઉસફુલ થઈ ગયા છે. યુવાવર્ગે ગ્રુપમાં અગાઉથી હોટલો બુક કરાવી મોજ મસ્તીના રંગે રંગાઈને નવા વર્ષની ઉજવણી કરવા બેતાબ બન્યા છે. ગુજરાતમાં દારુબંધી હોવાથી નવા વર્ષની પાર્ટીમાં રંગમાં ભંગ ન પડે તે માટે હજ્જારો રૂપીયા ખર્ચ કરીને રાજસ્થાન તરફનો માર્ગ પકડ્યો છે. ત્યારે રાજસ્થાન તરફ જતી લકઝરી બસો અને ટ્રેનો પણ મુસાફરોથી ભરાલેયી જોવા મળે છે. તો બીજી તરફ લકઝરીના બસ ચાલકોએ ભાડામાં પણ રાતોરાત તોંતિગ વધારો ઝીંકી દીધો છે.

૩૧મી ડિસેમ્બરને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે યુવાનો પાર્ટીની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે. ગુજરાતમાં ૩૧ મી ડિસેમ્બરને લઈ પોલીસ તંત્ર સાબદુ બની ગયું છે. ગુજરાતમાં દારુ બંધી હોવાથી યુવાનો ગુજરાતને અડીને આવેલા રાજસ્થાન તેમજ નજીક પડતા સ્થાનો પર ઉજવણી કરવા આતુર બન્યા છે. યુવાનોએ રાજસ્થાનના જોધપુર, ઉદેપુર, બિંછીવાડા, જયપુર, જેસલમેર તરફની વાટ પકડી છે. જયારે ૩૧ ડિસેમ્બરની ઉજવણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ પણ ચેકપોસ્ટ પર સર્તક છે. યુવાનો દારુ પીધેલી હાલતમાં કે છાકટા બનીને ગુજરાતમાં પરત ફરે નહીં તે માટે પોલીસ પેટ્રોલીંગ પણ સઘન બનાવાયું છે.

# સોમવારથી આર્ટ ઓફ લીવીંગના આયુર્વેદિક રસોઈ કોર્સનો પ્રારંભ

આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર એકમ દ્વારા પાંચ દિવસીય આયુર્વેદિક રસોઈ તાલીમ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તા. ૧લી જાન્યુઆરીથી તા. ૫મી જાન્યુઆરી દરમ્યાન દરરોજ બે સમય આયુર્વેદિક રસોઈના નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવશે.

આયુર્વેદિક રસોઈનો ઉદ્દેશ્ય ખાનારના સ્વાસ્થ્યને વધારવાનો કે જાળવવાનો હોય છે. સંતુલિત ભોજન એ સ્વાસ્થ્ય વર્ધન માટેનું અગત્યનું સાધન છે. આયુર્વેદ ખોરાક એ એક એક વ્યક્તિની પ્રકૃતિ, ઉંમર, માંદગી, ઋતુ યોગ્ય ભોજનનું સંમિશ્રણ, ખોરાકની પસંદગી, ભોજનનો સમય અને રાંધવા માટેની રીતોને પણ સવિસ્તારપૂર્વક સૂચનો કરે છે એટલા માટે જ આયુર્વેદમાં ખોરાકને દવા તરીકે ગણવામાં આવે છે. જો અત્યારે આપણે ખોરાકને દવા તરીકે લઈશું તો ભવિષ્યમાં દવાને ખોરાક તરીકે લેવામાંથી બચીશુ.

આયુર્વેદિક રસોઈ શિખવા માટે આર્ટ ઓફ લીવીંગ દ્વારા પાંચ દિવસીય શિબિરનું આયોજન કર્યું છે. આ શિબિરમાં તેલના ઉપયોગ વગર રોજબરોજની રસોઈ, વાત, પિત્ત અને કફનાં દોષોને દૂર કરતી રસોઈ, પાંચેય ઈન્દ્રિયોને સંતોષ આપે તેવી સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ રસોઈ શિખવવામાં આવશે. સમગ્ર શિબિર દરમ્યાન ૨૦ થી ૨૫ રેસીપી જેમાં સૂપ, જ્યુસ, કેક, પુડીંગ, પાસ્તા, હળવો નાસ્તો અને રોજબરોજની રસોઈ શિખવવામાં આવશે. આ શિબિર ફક્ત વાનગીઓ પુરતો સિમિત નથી પરંતુ તેમાં આયુર્વેદિક જ્ઞાન અને રસોઈનું સંમિશ્રણ હોય સ્ત્રી અને પુરૂષ બંને માટે આશીર્વાદ સ્વરૂપ છે. આ શિબિર તા. ૧-૧-૨૦૧૯, મંગળવારથી ૫-૧-૨૦૧૯, શનિવાર સુધી બપોરે ૨ થી ૪.૩૦ અને સાંજે ૬.૩૦ થી ૯ દરમ્યાન ૨, શિલ્પશ્રી સોસાયટી, ધોળેશ્વર મહાદેવ રોડ, સ્વામિનારાયણ ધામ પાસે, રાંદેસણ, ગાંધીનગર ખાતે યોજાનાર છે. જે માટે આર્ટ ઓફ લિવીંગના સુરેશાભાઈ પરમારનો સંપર્ક સાધી શકાશે.

# એલસીબીની ટીમે ફિલ્મી ઢબે હોન્ડા સિટી કારનો પીછો કરીને દારૂની હેરાફેરી પકડી

## પીછો કરતી પોલીસને જોઈને વડસર પાસે ગાડી મુકીને બૂટલેગર ફરાર : ગાડીમાંથી ૬૦ બોટલ દારૂ મળ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલસીબી ટીમ કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જાસપુર પાસેથી પસાર થતી વખતે એક શંકાસ્પદ હાલતમાં હોન્ડા સિટી કાર દેખાઈ હતી. એલસીબીને શંકા જતા આ હોન્ડા સિટી કારનો પીછો કર્યો હતો જેને પગલે હોન્ડા સિટીના ચાલકે કાર ભગાડી મુકી હતી અને આગળ જઈને વડસર પાસે કાર મૂકી બૂટલેગર ફરાર થઈ ગયો હતો. એલસીબીએ બિનવારસી કારમાં તપાસ કરતા અંદરથી ૬૦ બોટલ દારૂ મળી આવ્યો હતો. દારૂની બોટલ અને કાર સહિત કુલ રૂ.૩.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ કારના નંબરના આધારે બુટલેગર સુધી પહોંચવા કવાયત શરૂ કરવામાં આવી છે.

થર્ટી ફર્સ્ટ ડીસેમ્બર ને પગલે રાજ્યભરમાં પ્રોહીબીશન ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી એલસીબીની ટીમે પણ દારૂની હેરાફેરી અને વેચાણ ઉપર સખત વોચ હાથ ધરી છે. એલસીબી પીઆઈ નિરજ પટેલ અને તરલ ભટ્ટની ટીમના પી.એસ.આઈ એચ.કે.સોલંકી તથા તેમના સ્ટાફના માણસો કલોલ તાલુકાના સાંતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન આજે જાસપુર ગામ તરફ જતા રસ્તા પર એક હોન્ડા સિટી કાર શંકાસ્પદ હાલતમાં જોવા મળી હતી. શંકાને આધારે એલસીબીની ટીમે આ કારનો પીછો કરી કાર ને ઉભી રાખવા માટે ડ્રાઈવરને ઈશારો કરવા છતાં ડ્રાઈવરે કાર વડસર તરફ ભગાડી મુકી હતી. આ શંકાસ્પદ કારનો ફિલ્મી ઢબે પીછો કરીને એલસીબીની ટીમ વડસર સુધી પહોંચી ત્યારે વડસર ગામના ચેહર માતાના મંદિર વાળા બંધ નાળીયામાં સ્મશાનની પાછળના ભાગે આ કાર બિનવારસી હાલતમાં પડેલી જોવા મળી હતી. જીજે ૦૧ કેબી ૬૦૧૯ નંબરની હોન્ડા સિટી કાર આ સ્થળે બિનવારસી મૂકીને ડ્રાઈવર રફુચક્કર થઈ ગયો હતો. એલસીબીએ કારમાં તપાસ કરતા અંદરથી અલગ અલગ બ્રાન્ડની વિદેશીદારૂની ૬૦ બોટલ મળી આવી હતી. રૂ.૩૦ હજારની કિંમતની દારૂની બોટલો તથા ત્રણ લાખની કિંમતની હોન્ડા સિટી કાર મળી કુલ રૂ.૩.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીએ સાંતેજ પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે અને કારના નંબરના આધારે બુટલેગરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.




## શહેરમાં ઉમેશ સોલંકીનું વ્યાખ્યાન યોજાશે

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે જાણીતા સાહિત્યકાર ઉમેશ સોલંકીની નવલકથા 'ફેરફાર' વિશે પ્રો. મહેશ જાદવનું વ્યાખ્યાન ૩૦-૧૨-૧૮, સમિતિ ખંડ, ડૉ. આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર, સાંજના ૫ કલાકે યોજાશે.

# ચિલોડા ખાતે શ્રીરામ મહોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો

ચિલોડા, તા. ૨૯

તાલુકાના ચિલોડા ખાતે શ્રીરામકથા મહોત્સવ તા. ૨૨ થી ૩૦મી ડિસેમ્બ ૯ દિવસ બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી અંકિતભાઈ પટેલના પ્લોટ ઈસનપુર રોડ, ઉમિયાનગર સોસાયટી શ્રી રામમંડળ, જનકમંડળ, કિષ્ણામંડળ તથા સમગ્ર ગ્રામજનોના સહયોગથી રામકથાનો શુભારંભ કથાકાર વ્યાસપીઠ શાસ્ત્રી જગદીશ હરી મહારાજ (ઘડકણવાળા)ના કંઠે રામાયણનું રસપાન કરાવી રહ્યા છે. આ કથામાં રામાયણના પાત્રો સહિત સુંદર ધાર્મિક કથામાં ગામના ભાવિક ભક્તો રસપૂર્વક માણી ધન્યતા અનુભવી રહ્યા છે.




## મુખ્યમંત્રીના હસ્તે વાર્ષિક કેલેન્ડરનું વિમોચન કરાયું

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા તૈયાર કરાયેલ વાર્ષિક કેલેન્ડરનું વિમોચન કર્યું હતું. આ વેળાએ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાશનાથન, મુખ્યમંત્રીના સચિવ એમ.કે. દાસ, મુખ્યમંત્રીના સચિવ અને માહિતી સચિવ અશ્વિનીકુમાર, ઉદ્યોગ ખાણ સચિવ સંદિપકુમાર, માહિતી નિયામક અશોક કાલરિયા, અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ અને સંયુક્ત માહિતી નિયામક પુલક ત્રિવેદી તથા સરકારી ફોટો લીથો પ્રેસના મેનેજર ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેનીય છે કે આ વર્ષનું કેલેન્ડર રાજ્યના નયનરમ્ય અભયારણો અને પ્રવાસન સ્થળોને આવરી લેતી થીમ પર તૈયાર કરાયું છે.

## સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા અમૃત મહોત્સવ ૨૦૧૮નું આયોજન

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સેકટર-૭ મુકામે સોમવાર ૩૧-૧૨-૧૮ના રોજ સાંજે ૪.૩૦ કલાકે માસિક સભામાં અમૃત મહોત્સવ-૧૮ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના ૩૧-૧૨-૧૮ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરતા ભાઈઓ, ૩૧-૧૨-૧૮ના રોજ ૭૦ વર્ષ પૂર્ણ કરતી બહેનો, ૩૧-૧૨-૧૮ના રોજ દાંપત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા દંપતિઓનું સન્માન કરવામાં આવનાર છે. સંસ્થાના સભ્યોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

મેં મારુ નામ / અટક પટણી અંજુ અરવિંદભાઈમાંથી બદલીને પટણી અનુજાબેન વિશાલ કરેલ છે.

**સરનામું**
**પ્લોટ નં. ૪૦૨/૨, સેક્ટર-૧૨/બી, ગાંધીનગર, ગુજરાત.**

જાવક નં. ૨૭૯૫, તા. ૨૯/૧૨/૨૦૧૮

**ખેડબ્રહ્મા નગરપાલિકા**

**જાહેર નિવિદા**

આથી લાગતા વળગતા એજન્સી, સંસ્થા, ટ્રસ્ટ તેમજ રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, ખેડબ્રહ્મા નગરપાલિકાની ઘન કચરા સાઈડ પર વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ ચલાવવા માટે ભાવો મંગાવવામાં આવેલ છે. તો વર્મા કમ્પોસ્ટ પ્લાન્ટ ચલાવવા માટેનું ટેન્ડર તા. ૯/૧/૨૦૧૯ના રોજ સુધીમાં ખેડબ્રહ્મા નગરપાલિકા કચેરીએથી રૂ. ૧૦૦ ભરી મેળવી લેશો. સદરહુ ટેન્ડર અત્રેની કચેરીએ તા. ૧૭/૧/૨૦૧૯ સુધીમાં પહોંચતા કરવાના રહેશે. ટેન્ડર સાથે રૂ. ૨૫૦૦૦.૦૦ની ડીપોઝીટ એફ.ડી. પેટે જમા કરવાની રહેશે. સરકારશ્રીના વખતો વખતના નિયમો લાગુ પડશે. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ ટેન્ડર મંજુર કે નામંજુર કરવું તે નીચે સહી કરનારનો અબાધિત હક્ક છે. તે સામે કોઈનો વાંધો કે તકરાર ચાલશે નહીં.

| | | | |
|---|---|---|---|
| **એચ. એ. લોઢાવાલા** | **ધર્મેન્દ્રકુમાર આર. મહેતા** | **અરવિંદભાઈ આર. ઠક્કર** | **ઝલકબેન એમ. પટેલ** |
| ચીફ ઓફીસર | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| ખેડબ્રહ્મા નગરપાલિકા | ખેડબ્રહ્મા નગરપાલિકા | ખેડબ્રહ્મા નગરપાલિકા | ખેડબ્રહ્મા નગરપાલિકા |

